**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૩૦/૦૬/૨૦૧૭ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૩૪૦/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૨૫૪ લીટર દેશી દારૂ, ૩૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૧૫ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કૂટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૩૫૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૪૧/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૪૨/૧૭**

**શહેરકોટડાઃ** અરવિંદકુમાર ડાહ્યાભાઇ વૈશ્યક (રહે. બંસીની ચાલી અખાડાવાળી લાઇન નરોડા રોડ) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે. તા.૨૮/૬/૧૭ રાતના ૧૦/૩૦ વાગે પોતાના રહેણાંક નજીક પાર્ક કરેલ એક્ટીવાની ડેકીમાં મુકેલ મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૫૦૦/-, એક્ટીવા કિમત રૂપિયા ૫૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૭,૫૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.